6

## આંક–૧૨ ની અરજી લગત હુકમ

૧) હાલની અરજી અરજદારે આ કામના સામાવાળા વિરુધ્ધ ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને સુરક્ષા અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૨૩ મુજબ વચગાળાનો હુકમ મેળવવા માટે કરેલ છે.

૨) અરજીની ટુંકી વિગત એવી છે કે, અરજદારના લગ્ન કામના સામાવાળા સાથે તા.૨૪/૦૫/૨૦૦૨ ના રોજ હિન્દુ શાસ્ત્રોકત વિધી અનુસાર જ્ઞાતિના રીત રીવાજ મુજબ પિયર લિંબોદરા મુકામે થયેલા જે લગ્નથી એક દિકરી અવની ઉંમર વર્ષ ૨૦ ( અરજદાર નં – ૨ ) તથા દિકરો નામે જયવીર ઉંમર વર્ષ – ૧૦ ( અરજદાર નં. ૩) થયેલ.

દિકરી અવનીની તબીયત માનસિક રીતે અસ્વસ્થ હોઈ પોતાની સાર સંભાળ જાતે રાખી શકે તેમ નથી અને તેને બોલવાની પણ તકલિફ છે. અને તે અન્વયેના મેડીકલ પેપર્સ આ કામે રજુ રાખેલ છે. દિકરો જયવીર હાલ ગુરુકુલ સ્કૂલ, સેકટર ૨૩, ગાંધીનગર ખાતે ધોરણ – ૫ સી.બી.એસ.સી. સ્કૂલમાં અભ્યાસ કરે છે. જેની ફીની રસીદ આ કામે રજૂ કરેલ છે.

સામાવાળાને દારૂ પીવાની ખૂબ ખરાબ ટેવ છે અને લગ્ન થયા ત્યારથી તેઓ અરજદારને મારજૂડ કરતા અને માનસિક ત્રાસ આપતા અને અરજદારના પિયર પક્ષના સગાઓને મળવાનું ત્યારે પણ તેઓને ગાળો આપતા હતા. વધુમાં, અરજદારના ચારિત્રય ઉપર પણ શંકા કરતા હતા. અરજદારે સામાવાળાના ત્રાસથી કંટાળી કલમ – ૪૯૮ – એ સંદર્ભેનો કેસ ગાંધીનગર કોર્ટ ખાતે ક્રિમિનલ કેસ નં. ૨૮૨૨/૨૦૧૮ દાખલ કરેલ છે. જેની કોપી રજૂ કરેલ છે.

સામાવાળાના ત્રાસ છતાં અરજદારના પિયરપક્ષના સભ્યો દવારા તથા સામાવાળાના સગા દવારા લેખિત બાંહેધરી આપ્યેથી અરજદાર સામાવાળા સાથે રહેવા ગયેલા અને આ લેખિત બાંહેધરીમાં સામાવાળાએ અરજદારને શારીરિક ત્રાસ આપ્યાની હકીકત પણ કબૂલ કરેલ છે.

સામાવાળા દારૂ પીવાની ટેવ ધરાવતાં હોય, તેમની સામે સેકટર – ૨૧ પોલીસ સ્ટેશન ગાંધીનગર ખાતે પ્રોહિબિશન કેસ નં. ૭૩૫૩/૨૦૧૮ દાખલ થયેલ. જેમાં નામદાર જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીએ તેઓને દોષિત ઠેરવેલ, જે સબબ સામાવાળા દવારા અપીલ કરતા નામદાર સેશન્સ કોર્ટે તેઓને શંકાનો લાભ



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

આપી નિર્દોષ છોડી મુકેલ. જે ઘ્યાને લેતાં તેઓ દારૂ પીવાની ટેવ ઘરાવે છે. તે હકીકત પણ સાબિત થાય છે.

સામાવાળા દવારા અરજદાર પર શારીરિક માનસિક ત્રાસ તેઓ તેમના પિયર રહેવા ગયા બાદ પણ અટકેલ નથી અને સામાવાળા અરજદારના પિયરના મકાન અને ખેતીની જમીન આવેલ છે ત્યાં પણ પહોંચી જાય છે અને અરજદારને અથવા તેમના ત્યાં કામ કરતાં મજૂરોને પણ ધમકાવે છે તેમજ અસભ્ય શબ્દોનો ઉપયોગ કરી ગાળો પણ આપે છે. હાલની અરજી દાખલ થયા બાદ સામાવાળા તેમના ગ્રામ ભારતી ખાતે આવેલ ફલેટ પર ગયેલા અને ત્યાં બિલ્ડર અને તેની રખેવાળી કરતા કામદાર સાથે પણ ઝઘડો કરેલો તેમજ અરજદારનો જે ફલેટ આવેલ છે તેનું લોક તોડી ત્યાં સામાવાળા એ પોતાનું લોક લગાવી દીધેલું. જે અંગેની ફરિયાદ અરજદાર દવારા પોલીસ અધિક્ષક (એસ.પી.) ગાંધીનગરને કરેલ. જેની નકલ પણ આ સાથે રજૂ છે.

અરજદારના પિતાશ્રી અવસાન પામેલ છે અને તેઓ દવારા અરજદારના નામે ગ્રામ ભારતી લિંબોદરા મુકામે ફલેટ નં. ડી – ૩૦૩ બાલાજી અગોરા સ્કીમમાં રાખવામાં આવેલ. જેની રકમ પણ અરજદારના પિતાશ્રીએ ચુકવેલ છે. જે ફલેટ અરજદારના નામનો આવેલ છે. અરજદાર તરફે વિદવાન વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે આ ફલેટ હાલ રહી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. જેથી અરજદાર તેમના વિદવાન માત્રુશ્રી સાથે તેમના પિયર લિંબોદરા મુકામે રહે છે.

સામાવાળા પોતાના નામે આશરે ૨૫ વિઘા જેવી જમીન માણસા તાલુકાના પડુસમા ગામે તથા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વરસડા ગામ ખાતે ઘરાવે છે. જેના ૭–૧૨ આ કામે રજૂ કરવામાં આવેલ છે. વધુમાં, તેઓ ગાંધીનગર ખાતે રેસીડેન્શિયલ ફલેડ/પ્લોટ અને દુકાન પણ ઘરાવે છે. પરંતુ તેની, માહિતી અરજદારને મળી શકેલ નથી. જે મળ્યેથી તેઓ અત્રેની કોર્ટમાં રજૂ કરશે. સામાવાળાના પિતાશ્રી સરકારી કર્મચારી હોય. તેમનું પેન્શન આવે છે અને આ પેન્શન તેઓના માત્રુશ્રીના નામે આવે છે પરંતુ તે આ કામના સામવાળા ઉપયોગ કરે છે. જેથી સામાવાળા પર કોઈની આર્થિક જવાબદારી નથી.

વધુમાં, અરજદાર તર્ફે તેમનું સ્ત્રીધન તરીકે જે મિલકતો લગ્ન સમયે આપવામાં આવેલ તે પરત આપવા પણ અરજ કરેલ છે. જે આ કામે એક લીસ્ટથી રજૂ કરેલ છે અને તે લીસ્ટ ઘ્યાને લેતા ફર્નિચરમાં સોફાસેટ, લોખંડની તીજોરી કપડાં સાથે, લાકડાનો ડ્રેસીંગ ટેબલ, લોખંડની પેટી, ચાર ખુરશીનું ડાયનીંગ ટેબલ, બે સ્ટીલની આરામ ખુરશી, પીતળ તથા સ્ટીલના વાસણો, બે કાંડા ઘડિયાળ, ચાર ચાંદીના ગ્લાસ આ

વસ્તુઓ સામાવાળા દવારા તેઓ પાસે છે તે હકીકત જણાવેલ છે ત્યારે આ વસ્તુઓ અરજદારને પાછી સોંપી આપવી જોઈએ. તેમજ અન્ય વસ્તુઓ ઈન્કાર કરેલ હોવા છતાં અરજદારને આપવા /અપાવવા સારૂ સામાવાળાને હુકમ કરવા વિનંતી કરેલ છે.

૨) સદર અરજીના કામે સામાવાળાઓને નોટીસ કરતાં જે સામાવાળા ને બજતાં તેઓએ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા છે જેમાં સામાવાળાઓ એ આંક-૧૭થી અરજદારની હાલની અરજી અન્વયે લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં અરજદારની અરજીની સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરેલ છે. સદર જવાબ વંચાણે લેવામાં આવેલ છે.

## વિશ્લેષણ

૩) સૌપ્રથમ સામાવાળા તેમના સોગંદનામામાં તેઓ વાર્ષિક ફકત ૫૦,૦૦૦/- કમાતા હોવાની હકીકત જણાવેલ છે અને અરજદાર તેઓ વધુ આવક મેળવે છે તેમ જણાવેલ છે આમ, સદર હકીકત યોગ્ય પુરાવો લીધા બાદ નકકી થાય તે પ્રકારની જણાય આવે છે.

વધુમાં, અરજદાર તર્ફે તેમનું સ્ત્રીધન તરીકે જે મિલકતો લગ્ન સમયે આપવામાં આવેલ તે પરત આપવા પણ અરજ કરેલ જે આ કામે એક લીસ્ટથી રજૂ કરેલ છે અને તે લીસ્ટ ધ્યાને લેતા ફર્નિચરમાં સોફાસેટ, લોખંડની તીજોરી કપડાં સાથે, લાકડાનો ડ્રેસીંગ ટેબલ, લોખંડની પેટી, ચાર ખુરશીનું ડાયનીંગ ટેબલ, બે સ્ટીલની આરામ ખુરશી, પીતળ તથા સ્ટીલના વાસણો, બે કાંડા ઘડિયાળ, ચાર ચાંદી ના ગ્લાસ આ વસ્તુઓ સામાવાળા દવારા તેઓ પાસે છે તે હકીકત જણાવેલ છે ત્યારે આ વસ્તુઓ અરજદારને પાછી સોંપી આપવી જોઈએ. તેમજ આ લીસ્ટ મુજબનો ડબલ બેડ જે સામાવાળા સીંગલ બેડ કહે છે તે પણ પરત આપી દેવો જોઈએ.

અન્ય વસ્તુઓ કે જે ખાસ કરીને કિંમતી ઘરેણા જેનો સામાવાળા દવારા તેઓ પાસે હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે તે વસ્તુઓ ખરેખર આપવામાં આવેલ હતી



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

કે કેમ તે હકીકત પુરાવો લીધા બાદ નક્કી થાય તે પ્રકારની જણાઈ આવતી હોય, તે દાદ તેટલા પુરતી મંજુર કરવામાં આવતી નથી.

આ તબક્કે કલમ– ૩ નું સ્પષ્ટીકરણ –૨ વંચાણે લેતા,

**3. Definition of domestic violence.—**

**Explanation II.**—For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this section, **the overall facts and circumstances of the case shall be taken into consideration.**

સદર કામે અરજદાર તરફે જે હકીકતો અને આક્ષેપ કરવામાં આવેલ છે તે યોગ્ય અને વિગતવારનો પુરાવો લીધા બાદ નક્કી થઈ શકે તેમ જણાય આવે છે. તેમજ અરજદાર તરફે રજુ પુરાવો ધ્યાને લેતા આ પ્રકારનું કૃત્ય સામાવાળા દવારા આચરવામાં આવેલ હોય તવી હકીકત પણ સ્પષ્ટ જણાય આવતી નથી. તેમજ જે કરાર પર અરજદાર આધાર રાખેલ છે તે કરાર પણ પુરાવાની બાબત છે. તેમજ પ્રોહીબીશન અંગેના કેસ થવાથી સામાવાળા દારૂ પીવાની ટેવ ધરાવે છે તે હકીકત પણ યોગ્ય પુરાવા સિવાય માનવી વ્યાજબી જણાય આવતી નથી. આમ, અરજદાર તરફે જે હકીકત તથા પુરાવો રજુ કરેલ છે તે બાબતો આ અંગે કેસના યોગ્ય ગુણદોષ પર ચર્ચા કર્યેથી નક્કી થઈ શકે તેમ જણાય આવતું હોય. ઉપરોકત સ્પષ્ટીકરણ વંચાણે લેતા તે પણ આ હકીકત જણાવતું હોય ત્યારે અરજદારની હાલની અરજી અન્વયે નીચે મુંજબનો હુકમ કરવામાં આવે છે.

(એ) કલમ–૧૮ અન્વયે અરજદાર દવારા સામાવાળા તરફથી કોઈ શારીરિક – માનસિક ત્રાસ ન મળે તેવી માગણી કરેલ છે. જે જોતાં અરજદાર તરફે રજુ કરવામાં આવેલ છે તે હકીકતો ધ્યાને લેતા ખરેખર આ કલમ મુજબના કૃત્યો સામાવાળા દવારા કરવામાં આવેલ છે તે બાબતો પુરાવો લીધા બાદ નિર્ણિત થઈ શકે તે પ્રકારની જણાય આવે છે. અને અરજદાર તરફે રજુ બાબતો ધ્યાને લેતા સામાવાળા દવારા આ પ્રકારનું

Additional Civil Judge &

કૃત્ય કર્યાની જે રજુઆત છે તે રજુઆતો પણ પુરાવો લીધા બાદ નિર્ણિત થઈ શકે તે પ્રકારની જણાય આવતી હોય, ત્યારે તેઓ આ કલમ હેઠળ વચગાળાનો હુકમ મેળવવા હકકદાર ઠરતા નથી.

(બી) કલમ–૧૯ અન્વયે અરજદાર હાલ તેમના માતૃશ્રી સાથે તેમના પિયરમાં રહે છે. આમ, તેઓના રહેઠાણ માટેની વૈકલ્પિક વ્યવસ્થા છે તેમ જણાય આવે છે. ત્યારે તેઓ આ કલમ હેઠળ વચગાળાનો હુકમ મેળવવા હકકદાર ઠરતા નથી.

(સી) કલમ–૨૦ અન્વયે અરજદારને સામાવાળા તરફથી કોઈ ભરણપોષણ ચૂકવાયેલ હોય કે તેમના બંને સંતાનોનું ખર્ચ સામાવાળા દવારા ભોગવવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત સામાવાળા તરફે રજૂ થયેલ નથી. હવે અરજદાર નં.૨ અવની કે જેની ઉંમર હાલ ૨૦ વર્ષ છે તેના મેડીકલ પેપર્સ આ કામે રજુ કરવામાં આવેલ છે પરંતુ ફકત આ પેપર્સ જોવા માત્રથી તે માનસીક સ્વસ્થતા ધરાવતી નથી તેવું માની લેવું હિતાવહ જણાય આવતું નથી. ત્યારે આ કલમ અન્વયે ફકત જયવીરસિંહ તથા અરજદાર નં.૧ ના ભરણપોષણ તથા અભ્યાસ વિગેરેનો ખર્ચ સામાવાળા ચુકવવા જવાબદાર બને છે. તેવું મારું માનવું છે. તેમજ અરજદાર નં.૧ તરફે તેઓ માસિક રૂપિયા ૨૮,૦૦૦/– જેવું કમાય છે તેવી હકીકત જણાય આવતી હોય ત્યારે અરજદાર નં.૧ ના ભરણપોષણ તથા પુત્ર જયવીરના અભ્યાસ વિગેરેનો ખર્ચ, પ્રવર્તમાન મોંઘવારી તથા સામાવાળાની આર્થિક જવાબદારી, અને તેઓ પાસે રહેલ મિલ્કતો ધ્યાને લેતા અરજદાર નં.૧ ના માસીક રૂ. ૧૨,૦૦૦/– અને અરજદાર નં.૩ જયવીરસિંહ ના માસીક રૂા.૮,૦૦૦/– એટલે કે કુલ રૂા.૨૦,૦૦૦/– માસિક વચગાળાના ભરણપોષણ તથા ખર્ચ અન્વયેના અરજી તારીખથી ચુકવી આપવા સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

(ડી) કલમ – ૨૧ અન્વયે અરજદાર દવારા સામાવાળા તેમના બંને બાળકોને કોર્ટની પરવાનગી સિવાય મળે નહિં તે પ્રકારેની અરજ કરેલ છે. જે ધ્યાને લેતા



Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

બંને સંતાનો હાલ અરજદાર પાસે રહેતા હોઈ તેમાં કોઈ ફેરફાર કરવો ઉચિત જણાતું નથી. પરંતુ સામાવાળા તે બંનેના પિતાશ્રી હોય તેઓ જો તેમના બાળકોને મળવા માંગતા હોય તો કુદરતી વાલી તરીકે તેઓનો આ હકક છીનવી લેવો વ્યાજબી જણાતું નથી. જે હકીકત ધ્યાને લેતા અત્રેની કોર્ટની યોગ્ય પરવાનગી લીધા બાદ અથવા અત્રેની કોર્ટ જે પ્રમાણે હુકમ કરે તે પ્રમાણે સામાવાળા તેમના બંને બાળકોને તેમના અભ્યાસ અને શારીરિક – માનસિક પરિસ્થિતિને અનુકુળ જણાય તો મળી શકશે અને અરજદારે તેઓને આ હકીકત ધ્યાને લઈ મળવા દેવા જોઈશે.

(ઈ) કલમ–૨૨ અંગે અરજદાર દવારા તેઓને થયેલ નુકસાન કે તેઓને થયેલ કોઈ હાની અંગે સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય અને ખરેખર અરજદારની માંગણી મુજબ તેઓ આ કલમ અન્વયે વળતર મેળવવા હકકદાર છે કે કેમ તે વિગતવાર પુરાવો લીધા બાદ નકકી થઈ શકે તે પ્રમાણેની હકીકત જણાઈ આવતી હોય, ત્યારે તેઓ આ કલમ હેઠળ વચગાળાનો હુકમ મેળવવા હકકદાર ઠરતા નથી.

૪) આમ, ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે અરજદારની હાલની આંક–૧૨ ની અરજી અન્વયેની હકીકતે રજુ પુરાવા ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ◀ હુકમ ▶

1] અરજદારની હાલની કલમ–૨૩ મુજબ વચગાળાનો હુકમની અરજી **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

2] આથી સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે, અરજદાર ઉપર કોઈપણ પ્રકારનો ઘરેલું હિંસા ખોરીનું કૃત્ય આચરવું નહી.

3] આ કામના સામાવાળાએ આ કામના અરજદાર નં.૧ તથા અરજદાર નં.૩ ને માસિક ભરણપોષણ પેટે અરજી તારીખથી અરજદાર નં.૧ ના માસીક

Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

રૂ. ૧૨,૦૦૦/– અને અરજદાર નં.૩ જયવીરસિંહના માસીક રૂા.૮,૦૦૦/– એટલે કે કુલ રૂા.૨૦,૦૦૦/– માસિક વચગાળાના ભરણપોષણ અન્વયેના આ કામના બંને અરજદારને અરજી કર્યા તારીખથી ચઢયે ચઢયા ચુકવી આપવા.

<u>વધુમાં આ કામના સામાવાળા વિરુધ્ધ અન્ય કોઈ ફોજદારીકાર્યવાહી કે દિવાની કાર્યવાહીમાં જો ભરણપોષણનો હુકમ થયેલ હોય તો આ અરજીમાં કરવામાં આવેલ ભરણપોષણની રકમ સામાવાળાને મજરે આપવી.</u>

4] કલમ – ૨૧ અન્વયે સામાવાળા જો તેમના બાળકોને મળવા માંગતા હોય તો અત્રેની કોર્ટની યોગ્ય પરવાનગી લીધા બાદ અથવા અત્રેની કોર્ટ જે પ્રમાણે હુકમ કરે તે પ્રમાણે સામાવાળા તેમના બંને બાળકોને તેમના અભ્યાસ અને શારીરિક – માનસિક પરિસ્થિતિને અનુકુળ જણાય તો મળી શકશે અને અરજદારે તેઓને આ હકીકત ધ્યાને લઈ મળવા દેવા જોઈશે.

5] અરજદાર તર્ફે તેમનું સ્ત્રીધન તરીકે જે મિલકતો લગ્ન સમયે આપવામાં આવેલ તે પરત આપવા પણ અરજ કરેલ જે આ કામે એક લીસ્ટથી રજૂ કરેલ છે અને તે લીસ્ટ ધ્યાને લેતા ફર્નીચરમાં સોફાસેટ, લોખંડની તીજોરી, કપડાં સાથે, લાકડાનો ડ્રેસીંગ ટેબલ, લોખંડની પેટી, ચાર ખુરશીનું ડાયનીંગ ટેબલ, બે સ્ટીલની આરામ ખુરશી, પીતળ તથા સ્ટીલના વાસણો, બે કાંડા ઘડિયાળ, ચાર ચાંદીના ગ્લાસ આ વસ્તુઓ સામાવાળા દવારા તેઓ પાસે છે તે હકીકત જણાવેલ છે ત્યારે આ વસ્તુઓ અરજદારને પાછી સોંપી આપવી. તેમજ આ લીસ્ટ મુજબનો ડબલ બેડ જે સામાવાળા સીંગલ બેડ કહે છે તે પણ પરત આપી દેવો.

6] પ્રોટેકશન ઓફિસરશ્રીએ લાગતા–વળગતા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીની મદદ મેળવી સદરહું હુકમનું પાલન કરાવવા જરૂરી કાર્યવાહી કરવી.

Additional Civil Judge &
Judicial Magistrate First Class, Mansa

7] સામાવાળાએ હાલની અરજીના ખર્ચ પેટે રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) અરજદાર નં.૧ ને આ હુકમની તારીખથી દિન–30 માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ **પાંચ**મી માહે **મે** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૫/૦૫/૨૦૨૫
માણસા

( જે. જી. પટેલ )
એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણસા
GJ 01699